# ૩ ચીલો નવો

ડૉ. ભીખુ વેગડા : તેમનો જન્મ ઈ.સ. ૧૯૬૭માં ધોળકા તાલુકાના વટામણ ગામમાં થયો હતો. પી.ટી.સી કર્યા બાદ એમ.એ., બી.એડ. અને પીએચ.ડી.ની ડિગ્રી તેમણે મેળવી. ધોળકામાં તેઓ હાલમાં સર્વ શિક્ષા અભિયાનમાં સમન્વયક તરીકેની સફળ કામગીરી બજાવી રહ્યાં છે. સમાજજીવનમાં નવો ચીલો ચાતરીને કવિએ પોતાના મૌલિક વિચોરોને વાચા આપવા પ્રયત્ન કર્યો છે. તેમનો કવિતા સંગ્રહ 'આપનો પરસ આપ' અને સંશોધનાત્મક નિબંધ 'ગુજરાતી દલિત સાહિત્ય' તેમનાં મુખ્ય પ્રકાશનો છે.

સૂર કૃતિનો – પ્રસ્તુત કાવ્યમાં કવિએ નવો ચીલો ચાતરવાની વાત કરી છે. 'નવો ચીલો' અપનાવવા પાછળ અસમાનતાનો ભાવ દૂર કરી સમાનતા કેળવવાનો કવિનો ઉદ્દેશ્ય છે. કવિ નવાં ધ્યેયો પૂર્ણ કરવામાં આવતી મુશ્કેલીઓનો સામનો કરી, એકબીજાનો સાથ ન છોડવા અંગે કહે છે. મુક્તિની મશાલ હાથમાં લઈ સતત આગળ ધપવાની વાત કરે છે. મંજિલ ન મળે ત્યાં સુધી ચાલતા રહો એવો સંદેશ આપી કવિતાના માધ્યમ દ્વારા નવીનતા તરફ વળવાનો કવિ સંકેત આપે છે.



ચીલો નવો ચાતરીને રૂઆબદાર ચાલીએ;<br>
લ્યો, હાથમાં હાથ મિલાવી શાનદાર ચાલીએ;<br>
પગલે પગલે પહાડ હો યા પાતાળ હો;<br>
ચાલી પ્રવાહ પલટાવીને પાણીદાર ચાલીએ;<br>
ના રહે કોઈ આગળ, ના રહે કોઈ સદા પાછળ;<br>
અસમાનતાને ઉથાપીને આરપાર ચાલીએ;<br>
છે જે યુગોથી બંધ એ દિશાના દ્વાર ખોલી દ્યો;<br>
મુક્તિની મશાલ જલાવીને જાનદાર ચાલીએ;<br>
કાગળ કલમ હાથમાં લઈ બેસી રહો નહીં દોસ્તો;<br>
હથિયાર શબ્દોના સજાવી ધારદાર ચાલીએ;<br>
છે ક્યાં સુધી ચાલવાનું 'સાફલ્ય' એમ ના પૂછો;<br>
મંઝિલ મળે નહિ જ્યાં લગી લો, લગાતાર ચાલીએ.

## ● માર્ગદર્શક સ્તંભ ●

કોઈપણ એક પ્રસિદ્ધ ગેય કાવ્ય વર્ગમાં ગાઈને વિદ્યાર્થીઓને તેનો આસ્વાદ કરાવવો. નવીનતા કે પરિવર્તન એ સમાજના વિકાસનું અંગ છે આ વિધાનની સકારાત્મક ચર્ચા કરી, કાવ્યના શીર્ષકની સાર્થકતા સમજાવવી. નવીનતા એટલે પરિવર્તન-વિકાસ કે જે સમાજ માટે આવશ્યક જ નહિ પરંતુ પરિહાર્ય છે તે બાબત સંવાદ સાધવા ચર્ચા કરવી અને આ કૃતિનું અધ્યાપન કરાવવું.

### સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) શિરસ્તો - ____________

(૨) કર - ____________

(૩) ડુંગર - ____________

(૪) નિરંતર - ____________

(૫) દરવાજા - ____________

(૬) લેખિની - ____________

(૭) ધ્યેય - ____________

(૮) ઓજાર - ____________

**સ. ૨ આપેલા ઉદાહરણ મુજબ લખો.**


ઉદા. જૂનો × નવો

બંધન × ________ દુશ્મન × ________ ખુલ્લા × ________

આકાશ × ________ બુઠ્ઠું × ________ સમાનતા × ________

**સ. ૩ 'દાર' પ્રત્યય લગાવી શબ્દો બનાવો અને તેનો વાક્યમાં ઉપયોગ કરો.**

દા. ત. : પાણીદાર - સાચાં મોતી પાણીદાર હોય છે.



**સ. ૪ ઉદાહરણ મુજબ વાક્યો બહુવચનમાં ફેરવો.**

દા. ત. : તું પ્રશ્ન પૂછ - તમે પ્રશ્નો પૂછો.

(૧) તું જમવા બેસ - ______________________

(૨) તું દોડવા જા - ______________________

(૩) તું પાણી પી - ______________________

(૪) તું પ્રાર્થના કર - ______________________

(૫) તું કપડાં ધો - ______________________

(૬) તું ફળ લે - ______________________

**સ. ૫ યોગ્ય રીતે જોડો.**

| (અ) | (બ) |
|---|---|
| (૧) પ્રવાહ પલટાવીને | (૧) જાનદાર ચાલીએ |
| (૨) અસમાનતા ઉથાપીને | (૨) લગાતાર ચાલીએ |
| (૩) મંઝિલ મળે નહિ જ્યાં લગી | (૩) આરપાર ચાલીએ |
| (૪) મુક્તિની મશાલ જલાવીને | (૪) પાણીદાર ચાલીએ |

**સ. ૬ શબ્દ સાંકળ જોડીને પૂર્ણ પંક્તિ લખો.**

(૧) હાથમાં → ______ → મિલાવી → ______ → ચાલીએ

(૨) ______ → કલમ → ______ → લઈ બેસી → રહો નહીં → ______

(૩) ______ → મળે નહિ → ______ → લગાતાર → ______

(૪) અસમાનતાને → ______ → આરપાર → ______

**સ. ૭ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

(૧) __________ કલમ હાથમાં લઈ બેસી રહો નહીં દોસ્તો.

(અ) કાગળ (આ) પુસ્તક (ઈ) નોટબુક

(૨) ના રહે કોઈ આગળ, ના રહે કોઈ સદા __________ .

(અ) નીચે (આ) પાછળ (ઈ) ઉપર

(૩) લ્યો, હાથમાં હાથ મિલાવી __________ ચાલીએ.

(અ) પાણીદાર (આ) શાનદાર (ઈ) જાનદાર

**સ. ૮ 'નવો ચીલો' કાવ્યના કવિના વિચારો તમારા શબ્દોમાં લખો.**

સ. ૯ સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો.

| સામાસિક શબ્દ | વિગ્રહ | પ્રકાર |
|---|---|---|
| આગળપાછળ | __________ | __________ |
| આરપાર | __________ | __________ |
| કાગળકલમ | __________ | __________ |
| દહીંવડા | __________ | __________ |
| ખાણીપીણી | __________ | __________ |

સ. ૧૦ કાળ ઓળખો.

(૧) ગ્રામ્યવિસ્તારની મુલાકાતે જઈ આવ્યા.
(૨) બે કલાક વહેલા ઊઠી મજૂરી કરીશું.
(૩) લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે.
(૪) ચૂંટણી સમયે ઠેરઠેર સભાઓ ભરાશે.
(૫) હું દાખલો પૂરો કરીશ.

★ તમારા પરિવારની પ્રથામાં તમે જે પરિવર્તન ઇચ્છો છો તે જણાવો.

## પ્રકલ્પ

તમારા મનપસંદ એક કવિની માહિતી/ચિત્રો ઇન્ટરનેટ ઉપરથી એકત્રિત કરી, તેમની કવિતા સહિત નાની પુસ્તિકા તૈયાર કરો.

## વિશેષ વાંચન



### પ્રમાણ પત્ર

એક વખત પ્રખ્યાત રૂસી લેખક ટૉલ્સટૉયને એમના એક મિત્રે પૂછ્યું : 'મેં તારી પાસે માણસ મોકલ્યો'તો, તેની પાસે ઘણાં પ્રમાણપત્ર હતાં, પરંતુ તેં એને નાપસંદ કર્યો. મેં એવું જાણ્યું છે કે તેં એક એવા માણસની પસંદગી કરી છે, જેની પાસે એકે પ્રમાણપત્ર નહોતું. એવો તે ક્યો મોટો ગુણ એનામાં હતો કે તેં મારી વાતની અવગણના કરીને એની નિમણૂંક કરી ?'

ટૉલ્સટૉયે કહ્યું : ' દોસ્ત, જેની મેં નિમણૂંક કરી છે એની પાસે અમૂલ્ય પ્રમાણપત્રો હતાં. એણે મારા ઓરડામાં પ્રવેશતાં પહેલાં પરવાનગી માગી. પછી એના પગને એણે બાજુમાં પડેલા પગલૂછણિયા પર સાફ કર્યા. એનાં કપડાં સામાન્ય હોવા છતાં ચોખ્ખાં હતાં. બેસતાં પહેલાં એ ખુરશી સાફ કરીને બેઠો. એનામાં આત્મવિશ્વાસ હતો, મારા દરેક સવાલનો એણે સાચો અને ધૈર્યપૂર્વક જવાબ આપ્યો. મારા સવાલો પૂરા થયા પછી શાંતિથી મારી સંમતિ માગી, તે ઊઠીને ચાલ્યો ગયો. એણે કોઈપણ પ્રકારની ચાપલૂસી કે ભલામણની કોશિશ નહોતી કરી. આ ગુણોને કારણે મેં એને પસંદ કર્યો. આ એવાં પ્રમાણપત્રો હતાં જે બહુ થોડા માણસો પાસે જોવા મળે છે. આવા ગુણવાન માણસો પાસે લેખિત પ્રમાણપત્રો ન પણ હોય તોયે કંઈ વાંધો નહિ !'

– દાદા ધર્માધિકારી

## સ્વાધ્યાય



**સ. ૧ યોગ્ય વિકલ્પ શોધી વાક્યો ફરીથી લખો.**

(૧) પ્રખ્યાત રૂસી લેખકનું નામ ________ હતું.

અ) અબ્રાહમ લિંકન

આ) ટૉલ્સટૉય

ઇ) ચાર્લ્સ ગુડ ઈયર

ઈ) પિકાસો

(૨) લેખકે એવા માણસની પસંદગી કરી જેની પાસે ________

અ) ઘણાં પ્રમાણપત્ર હતાં.

આ) અમૂલ્ય પ્રમાણપત્ર હતાં.

ઇ) એકેય પ્રમાણપત્ર નહોતું.

ઈ) લાગવગ હતી.

(૩) પસંદ થયેલા માણસે કોઈ પ્રકારની ________

અ) મદદ કરી ન હતી.

આ) કોશિશ કરી ન હતી.

ઇ) ચાપલૂસી કરી ન હતી.

ઈ) લાંચ આપી ન હતી.

(૪) એણે મારા ઓરડામાં પ્રવેશતાં પહેલાં ________

અ) બેલ મારી.

આ) દરવાજો ખખડાવ્યો.

ઇ) પગરખા ઉતાર્યા.

ઈ) પરવાનગી માગી.

સ. ૨ તમારી દૃષ્ટિ એ પસંદ થયેલો માણસ યોગ્ય છે કે અયોગ્ય ? તે જણાવો.

સ. ૩ તમારી દૃષ્ટિએ નોકરી મેળવવા માટે આવશ્યક ગણાતા હોય તેવા ગુણો લખો.

***

પરિવર્તન સંસારનો નિયમ છે.

3XT78X